શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૧૧ અંક : ૧૦-૧૧ ઓક્ટોબર-નવેમ્બર - ૨૦૧૯

વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ
તથા એ વચનામૃતોનું પાન કરી આપણા સુધી પહોચાડનારા
સદ્‌ગુરુ સંતોના ચરણોમાં કોટિ કોટિ વંદન...

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

નૂતન વર્ષાભિનંદન

ગુરુકુલ પરિવારના વ્હાલા ભક્તજનો

જય શ્રી સ્વામિનારાયણ

વિક્રમ સંવંત ૨૦૭૬નું નૂતન પ્રભાતનો ઉદય થઈ રહ્યો છે, ત્યારે અનંત કોટિ બ્રહ્માંડમાં પરમ દુર્લભ એવા સત્સંગમાં મનુષ્યાવતાર પ્રાપ્ત સર્વે પરિવારજનોને દીપાવલી તથા નવા વર્ષની શુભકામનાઓ.

જીવનની ભરપૂર ગંગધારા સમયના શિખરો પરથી વહ્યા કરે છે, એ ધારાને પ્રભુસ્મરણે સમર્પિત કરીએ, હરિકથાના ધુનામાં એકાગ્ર થઈ ડૂબકી મારીએ, સત્શાસ્ત્રોનો સમજણપૂર્વક પાઠ કરીએ, સંતોનો સહજ રાજીપો મળે એવું જીવન જીવીએ, સત્સંગનો તાર તૂટે નહિ એ રીતે વ્યવહાર જગતની આરપાર નીકળી જઇએ, સંતસમાગમ કરતાં કરતાં વિશદ વિવેકને આત્મસાત કરી લઇએ અને એને જ ખરી પ્રભુ કૃપા માનીએ.

ઘર આંગણે પ્રગટેલા દીપાવલીના દીવડાંઓ હૃદયમાં પથરાયેલા ઘોર અંધકારને દૂર કરે તથા નવા વર્ષના નવા શુભ સંકલ્પો આપના હૃદયમાં અધ્યાત્મનો ઉજાશ પાથરતા રહે એવી ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના.

ભગવાન શ્રીહરિના સાન્નિધ્યમાં બિરાજમાન ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય જોગીસ્વામી વગેરે સંતોના આશીર્વાદ સહુ પરિવારજનો ઉપર અખંડ વરસતા રહે.

પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય હરિસ્વરુપ સ્વામી વગેરે સંતો-પાર્ષદો વતી સમસ્ત ગુરુકુલ પરિવારને અમારા હેતથી જય શ્રી સ્વામિનારાયણ

લિ. સ્નેહાધીન

સ્વામી માધવપ્રિયદાસ

ગુરુકુલ દર્શન

પરમ પૂજ્ય ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: પ્રેરણા : પરમ પૂજ્ય સદ્‌ગુરુવર્ય
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૧, ઓક્ટોબર-નવેમ્બર : ૨૦૧૯, અંક : ૧૦-૧૧

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફિક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફીસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

દીપ ઉત્સવી આઈ

દીપ ઉત્સવી આઈ,

અનુપમ દીપ ઉત્સવી આઈ;

ચઉ દેશ દીપમાળ અતિ સોહત,

શોભા બરની ન જાઈ....અનુપમ

દીપમાળ મધ્ય સિંહાસન પર,

રાજત કુંવર કનાઈ...અનુપમ

વ્રજવાસી અતિ પ્રેમમગન હોય,

ગાવત ગુન પ્રભુતાઈ...અનુપમ

મુક્તાનંદકે નાથકું નિરખત,

દિનોહે જગ વિસરાઈ...અનુપમ

વચનામૃત દીપાવલી

- પાર્ષદ શામજીભગત

દીપાવલી એટલે દીવડાઓ પ્રગટાવવાનો ઉત્સવ, પ્રકાશનું પર્વ. પ્રકાશ સૌને પ્યારો લાગે, આપણે સૌ પ્રકાશના પ્યાસી છીએ એટલે દીપાવલીનો ઉત્સવ પણ આપણને સૌને ખૂબ જ ગમે છે. આબાલ-વૃદ્ધ સૌ આ દીપાવલી પર્વને ખૂબ જ આનંદ ઉત્સાહથી વધાવે છે, મનાવે છે અને રોજ રોજ પોતાના જીવનમાં આવો દિવાળીનો આનંદ-ઉત્સવ થતો રહે તેવી અભિલાષા સેવે છે. પરંતુ દીપાવલીનો આનંદ-ઉત્સવ આપણા જીવનમાં થોડા દિવસ જ અથવા ક્ષણિક અનુભવ બની રહે છે. દૈનિક યાંત્રિકજીવનમાં આપણે સૌ રોજની સાંસારિક-વ્યવહારિક જવાબદારીઓમાં અટવાઈ જઈએ છીએ અને દિવાળી ભુલાઈ જાય છે. દિવાળીનો આનંદ પણ ભુલાય છે અને હવે પછી બીજી દિવાળી જલ્દી આવે એવી રાહ જોઈએ છીએ.

શું માનવીના જીવનમાં નિત્ય નિરંતર દીપાવલીનો ઉત્સવ થઈ શકે ખરો?

રોજેરોજ દિવાળીનો આનંદ આપણા દૈનિક જીવનમાં માણી શકાય ખરો?

એવા પ્રશ્નના જવાબમાં આપણે અંતરસન્મુખ દૃષ્ટિ કરવી પડે તેમ છે, કારણકે સાચું જીવન અંદરથી પ્રગટ થાય છે. જેને આપણે આધ્યાત્મિક જીવન કહીએ છીએ. અધ્યાત્મ એટલે આત્મા-પરમાત્મા પ્રતિ આપણું પ્રયાણ.

આવું પ્રયાણ કરવા માટે આપણાં શાસ્ત્રો, આપણા સંતો, આપણાં મંદિરો અને આપણી સત્સંગ પરંપરા આપણને નિત્ય નિરંતર દિવાળી મનાવવાની પ્રેરણા આપે છે.

સદગુરુ બ્રહ્માનંદ સ્વામી એક કીર્તનમાં ગાય છે કે,

'બ્રહ્માનંદના વાલા તમ સંગ મળતા,
મારે દાડી દાડી તે દિવાળી... હૈયામાં મને વાલા લાગો છો વનમાળી...

ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય અમૃતવાણી વચનામૃત ગ્રંથ આ વર્ષે ૨૦૦ વર્ષ પૂર્ણ કરે છે.

આપણા સૌ માટે આ વર્ષ આનંદનું, અમૃતનું અને ધન્યતાનું વર્ષ છે.

મનુષ્ય તરીકે દરેક વ્યક્તિ મહદ્‌ભાગી છે જ, પરંતુ જેને ભગવાનનાં સ્વરૂપની ઓળખ થઈ છે, જેને સાચા સંતોની પ્રાપ્તિ થઈ છે અને જેને ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલી દિવ્ય સત્સંગ પરંપરાનો આશ્રય થયો છે, તે તો અત્યંત મહદ્‌ભાગી છે. કારણ કે જે કોઈ એક પરમ તત્વ છે, પુરુષોત્તમ તત્વ છે, પરબ્રહ્મ તત્વ છે એનો સાક્ષાત્કાર કરવાનો દિવ્ય માર્ગ વચનામૃતમાં સ્વયં શ્રીજી મહારાજે આપણને સૌને દર્શાવેલો છે. આ માર્ગે થોડું-ઘણું પણ ચાલવાથી શ્રીજી આશ્રિતને તરત જ હળવાશ, પ્રસન્નતા, પ્રકાશ અને દિવ્ય આનંદનો અનુભવ થાય છે.

વચનામૃત શતાબ્દી વર્ષ આપણને સૌને અનેક રીતે લાભકારી બની રહ્યું છે. વિક્રમ સંવત ૨૦૭૫નું વર્ષ પ્રારંભ થતાં વચનામૃતના પાઠ, વચનામૃત યજ્ઞ, વચનામૃત પર્વ, વચનામૃત સત્ર અને વચનામૃતનાં અનેક આયોજનો આપણને પ્રાપ્ત થયાં. આપણે સૌએ તેનો લાભ લીધો અને હજી આ અમૃત લાભ ચાલુ જ છે.

સંપ્રદાયના તીર્થધામ વડતાલ ધામથી દર પૂર્ણિમાએ વચનામૃત પર્વ યોજાયા અને સદગુરુ સંતોએ આપણને વચનામૃતની વાણીનો જીવનલક્ષી દિવ્ય લાભ આપ્યો છે.

આ દિવ્યાતિદિવ્ય લાભની ચરમસીમા એટલે વડતાલ ધામ ખાતે આગામી કાર્તિકી સમૈયામાં (૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯) આયોજિત 'વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલી ઉત્સવ પરંપરામાં આ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ એક અકલ્પનીય, અજોડ મહોત્સવ બની રહેવાનો છે. ત્યારે આ દીપાવલી પર્વ પ્રસંગે આપણે વિવિધ રીતે વચનામૃત દીપાવલી ઘરે ઘરે ઊજવી શકીએ.

શ્રીજી મહારાજ અને પરમહંસો તેમજ હરિભક્તોના સંવાદરૂપે આપણને વચનામૃતના ૨૬૨ દીવડાઓ સતત પ્રેરણા આપે છે. એટલું જ નહીં, વચનામૃતમાં શ્રીજી મહારાજે પ્રગટ કરેલા અધ્યાત્મ જગતના અનંત વિચારરૂપી દીવડાઓ આપણા

જીવનમાં સુવિચાર રૂપે પ્રગટ થાય તો આપણું જીવન સ્વયં દિપાવલી સ્વરૂપ અર્થાત્ દીવડાઓની હારમાળા બની રહે છે.

વચનામૃત દીપાવલીની ઉજવણી એટલે...

મારા વ્યક્તિગત જીવનમાં શ્રીજી મહારાજના અમૃત-વચનોનો હું આનંદ માણું...

વચનામૃતના આધારે હું મારુ વ્યક્તિત્વ બનાવું...

મારા જીવન દ્વારા હું વચનામૃતને પ્રગટ કરું...

વચનામૃતની જીવંતતા મારા પરિવાર દ્વારા પ્રગટ થાય...

વચનામૃતના સૂત્રો મારા જીવન સૂત્ર બને...

વચનામૃત એ જ મારું જીવન બને...

આવા અનેક વચનામૃતના ખ્યાલોમાંથી કોઈક એકાદ વચનામૃતનો વિચાર મારા જીવનમાં કાયમી સ્થાન પામે. એ રીતે દરેક વ્યક્તિ, ઘર, પરિવાર, સમાજ, સંસ્થા, મંદિર, વચનામૃત દીપાવલી ઉજવી શકે.

'ગુરુકુલ દર્શન'ના માધ્યમથી આ વર્ષ વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ હોવાથી દિવાળી પ્રસંગે 'વચનામૃત દીપાવલી' ઉજવવા માટે વચનામૃત આધારિત કેટલાક ચિત્ર પ્રગટ કરવાનું નક્કી કરેલ છે. ચિત્ર અથવા કાર્ટુન દ્વારા તરત જ મહાન વિચારો સમજમાં આવી જાય છે. હરિભક્ત ભાઈઓ-બહેનો અને ગુરુકુલના વિદ્યાર્થીઓ તેમજ અન્ય કોઈપણ ચિત્રકલાના આરાધકો આ ક્ષેત્રમાં કામ કરે તો સૌપ્રથમ સ્વયં પોતાને જ વચનામૃતની પ્રેરણા મળી જાય છે.

અહીં ખૂબ જ મર્યાદિત સંખ્યામાં વચનામૃતના પસંદ કરેલા ચિત્રો-કાર્ટુન પ્રકાશિત કરી શકચા છીએ. એક હરિભક્ત બહેને તો સમગ્ર વચનામૃતના આધારે ચિત્રો કાર્ટુનો તૈયાર કરેલા છે, આ ચિત્રો કે આ કાર્ટુનો બાળકોથી માંડીને સૌને પ્રેરણા આપે એટલા સમર્થ છે. આજે તો સાધનસામગ્રી અને ડિજિટલ માધ્યમો દ્વારા વચનામૃતને પ્રકાશિત-પ્રસારિત કરવામાં કોઈ મુશ્કેલી નથી એટલે આ વચનામૃત દીપાવલીએ આપણે એવો સંકલ્પ કરીએ કે વચનામૃતના મહોત્સવથી શરૂ કરીને દરરોજ આપણે વચનામૃતનો આનંદ-ઉત્સવ માણીશું. કોઈ શ્રેષ્ઠ વિચાર પ્રગટ કરીશું, ઉત્તમ ચિત્ર નિર્માણ કરીને તેને કોઈને કોઈ માધ્યમ દ્વારા પ્રકાશિત કરીશું.

આધુનિક જગતમાં અનેક ભૌતિક વિચારોનું સામ્રાજય ફેલાયું છે, ત્યારે વચનામૃતના સરળ જીવનલક્ષી આધ્યાત્મિક વિચારો પ્રગટ કરવામાં શ્રીજી મહારાજ, સંતો, હરિભક્તોનો ખૂબ જ રાજીપો પ્રાપ્ત થશે અને એ રાજીપાના પરિણામે આપણા જીવનમાં પણ વચનામૃતનો દિવ્ય પ્રકાશ, દિવ્ય આનંદ ફેલાશે. જીવતેજીવ આપણે અક્ષરધામનો આનંદ માણી શકીશું.

શ્રીજી મહારાજના આશ્રિત તરીકે આપણે વચનામૃતના ઘણા પાઠ કર્યા. તેમાંથી પ્રેરણા મેળવીને હવે આપણા જીવનમાં વચનામૃત પ્રયોગાત્મક રીતે પ્રગટ થાય તે માટે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ હંમેશા વચનામૃતના પાઠ સાથે વચનામૃત પાન કરવાનો આગ્રહ રાખેલો છે. દરેક વ્યક્તિ પાઠ કરી શકે છે, પરંતુ વચનામૃતનું અમૃતપાન કરવા માટે દૃઢ સંકલ્પ સાથે વચનામૃતના વિચારોને ગ્રહણ કરવા પડે, જીવનમાં ચરિતાર્થ કરવા પડે. એટલું જ નહીં, પરંતુ એને જીવંત બનાવીને સ્વયં વચનામૃત બની જવું પડે.

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવની પૂર્વસંધ્યાએ આપણા જીવનમાં આવેલી આ દીપાવલી આપણા સૌ માટે 'વચનામૃત દીપાવલી' બની રહે તે માટે ગુરુકુલ દર્શનના વાચકો અને સર્વ હરિભક્ત ભાઈઓ-બહેનોને આ વચનામૃત દીપાવલી પર્વ પ્રસંગે હાર્દિક શુભેચ્છા, નૂતન વર્ષાભિનંદન અને વચનામૃત શતાબ્દી મહોત્સવનો દિવ્ય આનંદ માણવાની અભિલાષા સાથે જય શ્રી સ્વામિનારાયણ...

વચનામૃત કાર્ટુન

ચિત્ર : પાર્ષદ ઉદય ભગત

વચનામૃત ગ. પ્ર. ૨૩

જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજે દિવસ અથવા ત્રીજે દિવસ તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ, તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહિ, કાં જે આગલા દિવસનું જળ આગલે દિવસ સુકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસ સુકાઈ જાય. અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય.

વચનામૃત લોયા-૧૦

જેમ દૂધ-સાકરનું પાત્ર ભર્યું હોય ને તેમાં સર્પે લાળ નાખી હોય ને તેને નાખતાં દીઠી હોય, પછી તે દૂધ જેવું પૂર્વે દેખાતું હતું તેવું ને તેવું જ દેખાય, પણ તેનો અતિ અભાવ હૈયામાં વર્તે છે; કેમ જે એણે એમ જાણ્યું છે જે, 'એને પીવે તો તત્કાળ પ્રાણ જાય.'

વચનામૃત વ. ૮

જેમ કરોળિયો હોય તે પોતાની લાળને એક સ્તંભથી બીજા સ્તંભ સુધી લાંબી કરે, પછી એ કરોળિયો ક્યારેક તો આ સ્તંભ ઉપર જાય ને ક્યારેક ઓ સ્તંભ ઉપર જાય ને ક્યારેક બે સ્તંભને મધ્યે બેસે, તેમ કરોળિયાને ઠેકાણે જીવ છે ને એક સ્તંભને ઠેકાણે ભગવાનની મૂર્તિ છે ને બીજા સ્તંભને ઠેકાણે પોતાનું અંતઃકરણ છે ને લાળને ઠેકાણે વૃત્તિ છે.



વચનામૃત ગ. મ. ૪૧

જેમ શ્વાન હોય તે સૂકા હાડકાંને એકાંતે લઈ જઈને કરડે પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહીવાળુ થાય તેને ચાટીને રાજી થાય છે પણ મૂર્ખ એમ નથી જાણતો જે, 'મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું.'

વચનામૃત ગ. પ્ર. ૨૭

સંસારમાં જેને ઘોડું ચડવા ન હોય તેથી જેને ઘોડું હોય તે મોટો, અને એક ઘોડું જેને હોય તેથી જેને પાંચ ઘોડા હોય તે મોટો, એમ જેમ જેમ અધિક સંપત્તિ હોય તેમ સંસાર વ્યવહારમાં અતિ મોટો કહેવાય; પણ પરમેશ્વર ભજ્યામાં એ મોટો નથી.

વચનામૃત ગ. મ. ૪૨

ભરતજીએ દયાએ કરીને મૃગલામાં પ્રીતિ કરી તો પોતે મૃગલું થયા. માટે ગમે તેવા મોટા હોય તેનું પણ કુસંગે કરીને તો ભૂંડુ જ થાય છે.

• વચનામૃત ગ. પ્ર. ૩૨ •

અંતઃકરણ તો જેવું નાનું છોકરું તથા વાનરું તથા કૂતરું તથા બાળકનો રમાડનાર તેવું છે. અને એ અંતઃકરણનો એવો સ્વભાવ છે તે વિના પ્રયોજન ચાળા કર્યા કરે, માટે જેને ભગવાનનું ધ્યાન કરવું તેને અંતઃકરણના ઘાટને જોઈને કચવાઈ જવું નહિ.

• વચનામૃત ગ. પ્ર. ૬૯ •

જેમ રાજા ઉપરિચરવસુ રાજ્યમાં હતા તોય પણ અહિંસાધર્મને વિષે રહ્યા હતા. તે માટે સાધુને તો મન-કર્મ-વચને કરીને કોઈનું ભૂંડું વાંછવું નહિ. અને કોઈ વાતનો અહંકાર પણ રાખવો નહિ અને સર્વના દાસાનુદાસ થઈને રહેવું.

• વચનામૃત ગ. પ્ર. ૫૭ •

હેત તો જેમ દેહના સંબંધી સાંગાથે છે તેવું ભગવાનને વિષે હેત કરવું અને એ હેતને મૂઢપણાનું હેત કહીએ. અને ભગવાનનું માહાત્મ્ય જાણીને જે હેત થાય છે તે તો બીજી જ રીતનું છે એમ જાણવું.



• વચનામૃત ગ. પ્ર. ૬૨ •

ભગવાનથી ડરીને જે સાધુ હોય તેને લેશમાત્ર અભિમાન રાખવું નહિ અને એક કીડી જેવા જીવને પણ દુઃખવવો નહિ, એ જ નિર્માની સાધુનો ધર્મ છે.

• વચનામૃત ગ. પ્ર. ૫૫ •

જો મોટા પુરુષની સેવામાં ખબરદાર થઈને રહે એના પાપ બળીને ભસ્મ થઈ જાય.



• વચનામૃત ગ. પ્ર. ૨૭ •

ચાયે કોઈ મારી ઉપર ધૂળ નાખો, ચાયે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાયે કોઈ હાથીએ બેસાડો, ચાયે કોઈ નાક, કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે... તે ભક્તના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે.

વચનામૃત ગ. પ્ર. ૬૩

જેમ કોઈ મોટો હસ્તી હોય, તેની આગળ કીડી કશી ગણતીમાં આવે નહીં. તેમ અક્ષરની મોટાઈની આગળ બીજું કાંઈ ગણતીમાં આવતું નથી. જેના એક રોમને વિષે અનંત કોટિ બ્રહ્માંડ પણ અણુની પેઠે ઉડે છે.



વચનામૃત ગ. પ્ર. ૩૯

સવિકલ્પ સમાધિવાળા જે જ્ઞાની મુક્ત તે જે તે જીવ, ઈશ્વર, માયા તથા એમનું આધાર જે બ્રહ્મ એ સર્વને પૃથક્ પૃથક્પણે દેખે છે.

નિર્વિકલ્પ સમાધિવાળા જે મહામુક્ત તે જે તે જીવ, ઈશ્વર અને માયા તેને એક બ્રહ્મરૂપે કરીને જ દેખે છે પણ પૃથક્પણે નથી દેખતા.

વચનામૃત ગ. પ્ર. ૩૨

ભગવાનના ભક્ત છે તે ભગવાનની કથા, કીર્તન-શ્રવણાદિક એવો જે ચારો તેને ચરીને પોતાનો માળો જે ભગવાનનું સ્વરૂપ તેમાં જઈને વિરામ કરે છે.

વચનામૃત લોયા. ૮

નેત્રને ઉઘાડા રાખીને મેષોન્મેષે રહિત કરીને જ્યાં સુધી નેત્ર સારી પેઠે બળે ને આંસુ ચાલે ત્યાં સુધી ઘડી બે ઘડી પર્યંત જોઈ રહે, ત્યારે તેની દૃષ્ટિ ચંચળ હોય તો પણ વશ થઈ જાય છે.

વચનામૃત ગ. પ્ર. ૧૬

જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવાં જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે અને સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે, એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે તેને વિવેક છે.



વચનામૃત ગ. મ. ૮

એકાદશીનો દિવસ ઢોરલાંઘણ કરવી નહિ અને એકાદશ ઈન્દ્રિયોના આહારનો ત્યાગ કરે ત્યારે તે એકાદશી સાચી ને તે વિના તો ઢોરલાંઘણ કહેવાય.

વચનામૃત લોયા. ૧૦

જેમ યમરાજાનું જે રૂપ તે પાપી જીવને અતિ ભયાનક, વિકરાળ જણાય છે તથા મોટા મોટા દાંત ને મોટું મુખ ભયાનક દેખાય છે ને પર્વત જેવું મોટું અને કાળ જેવું ભયાનક દેખાય છે. અને પુણ્યવાળા જે જીવ તેને તો તે યમરાજાનું રૂપ અતિશય સુખદાયી, વિષ્ણુના જેવું જણાય છે.



વચનામૃત ગ. પ્ર. ૨૦

આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુવે છે અને કુરૂપને જુવે છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુવે છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્ય-દ્રષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો, તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે.

વચનામૃત ગ. પ્ર. ૧૮

પંચ ઈન્દ્રિયોના આહાર છે તેને અતિશય શુદ્ધપણે કરીને રાખજ્યો, એ વચન અમારું જરૂરજરૂર માનજ્યો.





વચનામૃત ગ. પ્ર. ૨૬

પંચ વિષય ભગવાન સંબંધી હોય તેને વિષે અતિશય પ્રીતિવાન થાય અને જગત સંબંધી જે પંચ વિષય તેને વિષે અતિશય અભાવે યુક્ત વર્તે તે રસિક ભક્ત સાચો છે.

વચનામૃત ગ. પ્ર. ૪૭

ભગવાનના ભક્તને ભક્તિ કરવામાં જે અંગની દૃઢતા હોય તો અંગ ઓળખીને ભક્તિ કરવી.



ચિત્ર : અદિતિ નિલેશભાઈ જોગલ



વચનામૃત ગ. પ્ર. ૪૪

જેમ કોઈક પુરુષ હોય તેણે જેની પાસે ડગલો સિવાડીને પહેર્યો, ત્યારે તે ડગલો સીવીઆપનારને પોતાના મા-બાપ નથી માનતો, એમ ચોરાશી લાખ જાતિ થકી દેહ ઉત્પન્ન થાય છે, તે દેહને વિષે પોતાપણું માને અને તે દેહનાં માબાપને પોતાનાં માબાપ માને તે મૂર્ખ કહેવાય.



વડતાલધામ ખાતે આગામી ચૈત્રી સમૈયા દરમિયાન આયોજિત વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે SGVP ખાતે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુંડળધામથી પૂજ્ય સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજી સ્વામીએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. સાથે સાથે પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય સત્સંગભૂષણદાસજી સ્વામી, પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામી વગેરે સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

પૂજ્ય સ્વામીજી તથા સંતોના સાંનિધ્યમાં SGVP દ્વારા ચાર ધામ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં વિદેશના ૮૦ જેટલા હરિભક્તો જોડાયા હતા. જેમાં ગંગોત્રી, યમનોત્રી, કેદારનાથ, બદ્રિનાથ વગેરે તીર્થોના દર્શન કર્યા હતાં.

ગાંધી જયંતી નિમિત્તે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના સાંનિધ્યમાં સંતો, વિદ્યાર્થીઓ તથા ભક્તજનો દ્વારા અમદાવાદની ગલીઓમાં સફાઈ અભિયાન કરવામાં આવ્યું હતું.

ગાંધી જયંતી પ્રસંગે ઉના વિસ્તારના ૫૦ ગામોમાં સફાઈ અભિયાનનો આરંભ કરાવતા પૂજ્ય સ્વામીજી તથા ભક્તજનો

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે યજ્ઞશાળાનાં નિર્માણનો પ્રારંભ કરતા સંતો તથા સેવા કરતા ભક્તજનો, વડતાલ

નવરાત્રિ દરમિયાન માતાજીની આરતી તથા ગરબે રમતા ભક્તજનો, સવાનાહ ગુરુકુલ

ગુરુકુલ ગૌરવ

SGVP ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થી જ્યોત પટેલ ઑલ ઈન્ડિયા અંડર ૧૯ કેટેગરીમાં ક્રિકેટની નેશનલ ટીમ SGFIમાં પસંદ થયા છે. ગુજરાત ખાતે જામનગરમાં આયોજિત ટૂર્નામેન્ટમાં જ્યોત પટેલ રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યા હતા. તાજેતરમાં જ પંચકુલા-હરિયાણા ખાતે યોજાયેલ ટૂર્નામેન્ટમાં નેશનલ અંડર ૧૯ની ટીમમાં ૧૨ રાજ્યોના ૨૦૦ ઉપરાંત ખેલાડીઓમાંથી અંતીમ સોળ ખેલાડીઓમાં તેમની પસંદગી થઈ છે. જ્યોત પટેલની આ સફળતા ગુરુકુલ પરિવાર માટે ગૌરવની વાત છે. સદ્‌ગુરુ સંતોએ જ્યોતને શુભાશીર્વાદ પાઠવી હજુ વધારે પ્રગતિ કરે એવી શુભકામના પાઠવી હતી.

તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલાં એજ્યુકેશન વર્લ્ડ અવોર્ડ ૨૦૧૯માં, બોયસ્ ડે સ્કુલ કેટેગરીમાં SGVP ઈન્ટરનેશનલ સ્કુલને અમદાવાદની નંબર વન અને સમગ્ર ગુજરાતની બીજા નંબરની સ્કુલનો રેન્ક આપી આ અવોર્ડ આપવામાં આવ્યો હતો. સંસ્થા વતિ સ્કુલના ચિફ એડમિનિસ્ટ્રેટર શ્રી હેમલ પંડ્યાએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

શૈક્ષણિક જગતના સુપ્રસિદ્ધ મેગેઝિન 'એજ્યુકેશન વર્લ્ડ' દ્વારા છેલ્લાં ૧૨ વર્ષથી પૂરા દેશની સ્કુલોનો સર્વે કરી અલગ અલગ ૧૪ પાસાઓમાં મૂલવીને રેન્ક આપવામાં આવે છે.

આજે ભારતવર્ષ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહ્યું છે, ત્યારે ગાંધીજીને ગમતું સુત્ર 'મારું ભારત સ્વચ્છ ભારત' એ અનુસાર SGVP ગુરુકુલ તરફથી અનેક ગામોમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. તાજેતરમાં જ ૨, ઓક્ટોબરના રોજ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ઉના પંથકના ૫૦ ગામોમાં પોતાના હાથે સાવરણો લઈ સ્વચ્છતા અભિયાનની અહાલેક જગાવી હતી. ત્યારે કવિ નાનુભાઈ ભરાડે તે અંગેનું કાવ્ય રચ્યું હતું. જે અત્રે પ્રસ્તુત કરેલ છે.

(રાગ : દ્વારિકાના નાથ મારા રાજા રણછોડ છે.)

સ્વચ્છતાના ડાક્લાં વગાડે બાવલિયો,
સ્વચ્છતાના ડાકલા વગાડે રે
સુતેલી જનતા જગાડે બાવલિયો,
સુતેલી જનતા જગાડે રે...સ્વચ્છતાના

ડાક સાંભળી સૌ કોઇ આવે,
ને સૌને કામે લગાડે રે,
વીણો કચરોને વીણો પ્લાસ્ટીક,
સંદેશો ઘર ઘર પહોંચાડે રે...સ્વચ્છતાના

ગંધારી ગંદકી વળગી છે સૌને,
હાક મારી એને ભગાડે રે,
દોરા-ધાગાને જંતર-મંતરથી,
સ્વચ્છતાના બીજ ઉગાડે રે...સ્વચ્છતાના

ડીમ ડીમ વાગે છે ડાક્લું,
ને ભેળી મોરલી વગાડે રે,
સ્વચ્છતાની મોરલી મીઠી વાગે,
ને શેઠ-શ્રીમંતોને જગાડે રે...સ્વચ્છતાના

સ્વચ્છતાની દેવી આવે પંડમાં,
ને ધુણીને હાથ પછાડે રે,
જોર જોરથી મારે હાકોટા,
સ્વચ્છતાના શબ્દો બરાડે રે...સ્વચ્છતાના

નાનુ ભરાડ કહે મહેનતુ બાવલિયો,
સ્વચ્છતાની સોટી અડાડે રે,
અજબ શક્તિ ભરી છે સોટીમાં,
સૌ જનને સ્વચ્છતા ચખાડે રે...સ્વચ્છતાના

– નાનુભાઈ ભરાડ

SGVP HOLISTIC HOSPITAL

FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

SGVP હોલિસ્ટીક હોસ્પિટલની મુખ્ય સુવિધાઓ

- 150 બેડની મલ્ટીસ્પેશિયલિટી હોસ્પિટલ
- એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી માટે અદ્યતન કેથ લેબ
- 4 અલ્ટ્રા મોર્ડન મોડ્યુલર ઓપરેશન થિયેટર
- મેડિકલ અને સર્જિકલ આઇ.સી.યુ
- 24 x 7 ઇમરજન્સી (ટ્રોમા) કેર
- 24 x 7 એમ્બ્યુલન્સ અને આઇસીયુ ઓન વ્હીલસ સુવિધા
- 24 x 7 એનેસ્થેટિક ડોક્ટર્સની ટીમ
- અલ્ટ્રા મોર્ડન રેડિયોલોજી અને પેથોલોજી વિભાગ
- આધુનિક ડાયાલિસિસ સેન્ટર
- ક્વોલિફાઇડ ડોક્ટર્સ અને વૈદ્યોની ટીમ
- ફિઝીયોથેરાપી અને રિહેબિલિટેશન સેન્ટર
- યોગ થેરાપી અને ફિટનેસ યોગ
- આયુર્વેદ પંચકર્મ થેરાપી સેન્ટર
- 100 થી વધુ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો કોન્ફરન્સ હોલ
- 24 x 7 ફાર્મસી

કેશલેસ અને મેડીક્લેમની સુવિધા ઉપલબ્ધ

24x7 ઇમરજન્સી હેલ્પલાઇન - 95122 00121 02717-240 001 +91 95122 00122

ગર્ભ સંસ્કાર ક્લબ

Garbh Sanskar Club

"પામે આખું વિશ્વ એક સુંદર આકાર,
મૂળમાં જો હોય ધબકતો ગર્ભસંસ્કાર."

Garbh Sanskar Club
once in a week

Packages

Rs. 2500/- 1 Month

3 Months Rs. 6000/-

Rs. 11000/- 6 Months

- Pregnancy
- Delivery
- Child Care

ગર્ભ સંસ્કાર કો-ઓર્ડિનેટર
કો. ગલક શાહ - +91 72270 14101

/sgvphh SGVP કેમ્પસ, S.G. હાઇવે, અમદાવાદ - 382481

શ્રદ્ધા સુમન

અ.નિ. શ્રી ચંદુભાઈ દેવચંદભાઈ સવાણી :- અમદાવાદ નિવાસી તથા વર્ષોથી અમદાવાદ ગુરુકુલમાં વ્યવસ્થાપકની નિષ્ઠાથી સેવા આપતા ભાવેશભાઈ સવાણીના પિતાશ્રી ચંદુભાઈ સવાણી તા. ૧૧ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારને સત્સંગની દૃઢતા અને સંતો પ્રત્યે હેત અજોડ છે. ચંદુભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા જયપ્રકાશભાઈ, ભાવેશભાઈ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી સવજીભાઈ જેરામભાઈ કલ્યાણ :- લેસ્ટર, યુ.કે. નિવાસી અને ગુરુકુલના સન્નિષ્ઠ સેવક સવજીભાઈ કલ્યાણ ૫ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. સંતો અને સત્સંગ પ્રત્યે હેત ધરાવનારા સવજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સર્વે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જેઠાભાઈ કલ્યાણભાઈ કાબરિયા :- લંડન નિવાસી જેઠાભાઈ કાબરિયા ૩૦ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. જેઠાભાઈ ગુરુકુલ તથા સંતો સાથે ખૂબ નીકટનાથી જોડાયેલા હતા. ભગવાન શ્રીહરિ જેઠાભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મનસુખલાલ ગોરધનદાસ કોટક :- લંડન નિવાસી તથા ગુરુકુલ પરિવાર યુ.કે.નું એકાઉન્ટ સંભાળનારા ભરતભાઈ કોટકના પિતાશ્રી તેમજ સંતો સાથે આત્મીયતા ધરાવનારા પરિવારના શ્રી મનસુખભાઈ પટેલ ૧૭ ઓક્ટોબરના રોજ ૮૭ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ મનસુખભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા ભરતભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી લક્ષ્મણભાઈ રૂડાભાઈ જાદવા : કાર્ડીફ (યુ.કે.) નિવાસી અને ગુરુકુલના નિષ્ઠાવાન સેવક લક્ષ્મણભાઈ જાદવા તારીખ ૩૦ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે. લક્ષ્મણભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ઈન્દિરાબેન ધીરજલાલ શાહ :- મુંબઈ નિવાસી અને ગુરુકુલના સન્નિષ્ઠ સેવક પરિવારના ઈન્દિરાબેન શાહ તારીખ ૨૦ સપ્ટેમ્બકના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોનો જેમણે ખૂબ રાજીપો મેળવ્યો છે એવા ડી.કે. શાહના ધર્મપત્ની ઉત્તમ ભક્ત હતા. આ પરિવારની ભક્તિ, સેવા, નિષ્ઠા અજોડ છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં આત્મબુદ્ધિથી જોડાયેલો આ પરિવાર સત્સંગના સંસ્કારોથી ભરેલો છે. પરિવારનો ગુરુકુલ પ્રત્યેનો લગાવ અનોખો છે. વર્ષોથી એમનું ઘર સંતોનો ઉતારો રહ્યો છે. ભગવાન શ્રીહરિ ઈન્દિરાબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા ડી.કે., સુકેતુભાઈ, દિપકભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

અ.નિ. શ્રી દીપેશભાઈ ગજેરા, હસ્તે. મહીમ ગજેરા, અમદાવાદ
અનિ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, હસ્તે રૂપેશભાઈ પટેલ, અમેરિકા
અ.નિ. શ્રી દિલીપસિંહજી ચુડાસમા, હસ્તે બલભદ્રસિંહજી, અમદાવાદ
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ ગોહેલ, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રેમચંદભાઈ વિરજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ડૉ. પંકજભાઈ રાવલ, વેરાવળ
પ.ભ. શ્રી જયેશભાઈ મફતભાઈ શાહ, અમદાવાદ
પ.ભ. શ્રી પરશોત્તમભાઈ વરમોરા, અમદાવાદ
પ.ભ. શ્રી ત્રિકમભાઈ પટોળિયા, અમદાવાદ
અ.નિ. શ્રી ઈન્દિરાબેન ડી. શાહ, હસ્તે ડી.કે. શાહ, મુંબઈ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી શીતુલભાઈ ધીરજલાલ પટેલ, એડવાન્સ કન્ટ્રક્શન, મુંબઈ
પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ અરવિંદભાઈ પાંચાણી, અમદાવાદ
પ.ભ. શ્રી નિમેશભાઈ ભગવાનભાઈ સચ્ચદે, સીંગાપોર
પ.ભ. શ્રી નિખીલભાઈ ડી. ચાંપાનેરી, અમેરિકા
પ.ભ. શ્રી કેશવભાઈ રાઘવભાઈ શેલડિયા, રૂગનાથપુર
પ.ભ. શ્રી કનુભાઈ બાબરિયા, અમેરિકા
પ.ભ. શ્રી ધીરૂભાઈ પરશોત્તમભાઈ સુહાગિયા,
પ.ભ. શ્રી બિપીનચંદ્ર ઓઝા, અમદાવાદ
પ.ભ. શ્રી મૃગેશભાઈ એન. બારોટ, અમદાવાદ
પ.ભ. શ્રી ભાવિનભાઈ રમેશચંદ્ર પટેલ

આગામી આયોજન

તા. ૦૩/૧૧/૧૯, રવિવાર : **સુહૃદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૦૫/૧૧/૧૯, મંગળવાર : **શ્રીહરિ જયંતી :** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૦૮/૧૧/૧૯, શુક્રવાર : **પ્રબોધિની એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૨૩/૧૧/૧૯, શનિવાર : **ઉત્પત્તિ એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૩૦/૧૧/૧૯, શનિવાર : **વચનામૃ જયંતિ :** શ્રી ઘનશ્યામ મહારાજ પાટોત્સવ- અમદાવાદ ગુરુકુલ
તા. ૦૧/૧૨/૧૯, રવિવાર : **સુહૃદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૦૫/૧૨/૧૯, ગુરુવાર : **શ્રીહરિ જયંતિ :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા ઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન.
તા. ૦૮/૧૨/૧૯, રવિવાર : **મોક્ષદા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૧૭/૧૨/૧૯, મંગળવાર : **ધનુર્માસ પ્રારંભ :** રોજ સવારે અમદાવાદ ગુરુકુલ તથા સાંજે છારોડી ગુરુકુલમાં વિશેષ કથાવાર્તા થશે.
તા. ૨૨/૧૨/૧૯, રવિવાર : **સફલા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૨૬/૧૨/૧૯, ગુરુવાર : **સૂર્યગ્રહણ :** વેધ : રાત્રે ૮:૦૦ (આગલા દિવસે), સ્પર્શ : સવારે ૮:૦૦ કલાકે, મોક્ષ : સવારે ૧૦:૫૫ કલાકે

વડતાલધામને આંગણે આવી રહ્યો છે.....

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃત મહાગ્રંથનો દ્વિશતાબ્દી મહોત્સવ. આવો સાથે મળીને ઉજવીએ...

શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

કાર્તિકી સમૈયા પ્રસંગે

વડતાલધામને આંગણે

શ્રી વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

તા. ૦૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ વડતાલધામ

કારતક સુદ નોમ થી પૂનમ

દિવ્ય ભવ્ય પ્રદર્શન

તા. ૨૫-૧૦-૨૦૧૯ થી ૧૨-૧૧-૨૦૧૯

ધનતેરશ થી પૂનમ

શ્રી સ્વામિનારાયણ સમૂહ સત્સંગ શિબિર

તા. ૨૬-૧૦-૨૦૧૯ થી ૧-૧૧-૨૦૧૯

તેરશ થી લાભપાંચમ

:: સ્થળ ::

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ, તા. નડીયાદ, જી. ખેડા.

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

SGVP ગુરુકુલ રીબડા (રાજકોટ)ને આંગણે

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પ્રાર્થના મંદિર ઉદ્ઘાટન મહોત્સવ

પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

તારીખ ૦૫ થી ૦૯ ડિસેમ્બર, ૨૦૧૯

આશીર્વાદ : પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી

માર્ગદર્શન : પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

મહોત્સવના આયોજનો

સત્સંગિજીવન કથા, વ્યાખ્યાનમાળા, ૨૫ કુંડી મહાવિષ્ણુયાગ, અન્નકૂટ, રાજોપચાર પૂજન, અખંડ ધૂન, શોભાયાત્રા, મહિલામંચ

સ્થળ :- SGVP ગુરુકુલ, રીબડા, રાજકોટ-ગોંડલ હાઇવે.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

SGVPને આંગણે યોજાયેલ શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે તથા દિવ્ય-ભવ્ય શરદોત્સવમાં ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો, મહાનુભાવો તથા ગુરુકુલ પરિવારના ભક્તજનો

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/– પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–